## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




પાકિસ્તાન કરતાં તો હવે, રિઝર્વ બેંકવાળા વધુ બીવાના...

# સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સુવર્ણ જયંતિ ઉજવશે

**ગણેશોત્સવમાં ધર્મ સેવા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે : ૨જી સપ્ટેમ્બરે સે-૧૯માં નિશિત વ્યાસના નિવાસ સ્થાનેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે : સે-૨૨ રંગમંચ ખાતે ગણેશજીની દિવ્ય મૂર્તિની સ્થાપના અંતે પુજા અર્ચના સાથે રોજ રાત્રિના સાંસ્કૃતિ કાર્યક્રમો યોજાશે**

ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં આગામી સપ્તાહથી ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૦ માં વર્ષે ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા અને પુજા અર્ચના સાથે રોજ રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત આરતી સુશોભન , હલદી કંકુ, ભજન તેમજ મોદક સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગણેશોત્સવ સમિતિ દ્વારા સતત ૫૦ માં વર્ષે ગણેશોત્સવની શાનદાર ઉજવણી માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગણેશોત્સવની આ ઉજવણીમાં ધર્મ સેવા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે ૫૦ માં ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ , અરૂણ બુચ સહીતના આગેવાનોએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગણેશોત્સવની આ ઉજવણી અન્વયે તા ૨ સપ્ટેમ્બરના રોજ નિશિત વ્યાસના નિવાસ સ્થાને શ્રીજીની મુર્તિની પુજા આરતી બાદ સવારે ૧૦ કલાકે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. આ શોભાયાત્રા સે-૧૯ જીમખાના સામેથી નિકળી સે-૨૦ અને સે-૨૧ શાકમાર્કેટ પાસેથી શ્રીજીની હવેલી થઈ પંચદેવ મંદિર થઈને સે-૨૨ રંગમંચ પર્હોચશે. ત્યારબાદ ભગવાન ગણેશજીની પુજા અર્ચના અને સ્થાપના કરવામાં આવશે. તા ૨ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ઓમ લેન્ડમાર્ક સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.



ત્યારબાદ મંગળવારે રાત્રિના માહીતી વિભાગના સહયોગથી બેસ્ટ સિંગર ઓફ ધ સીટી ફીલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ બુધવારે મિનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટના સહયોગથી ગોલ્ડન એરા ઓફ કીશોર કુમારના ગીતોનો કાર્યક્રમ યોજાશે. જયારે ગુરુવારે બપોરે ૧ : ૩૦ કલાકે જયોતિ મહીલા મંડળના ઉપક્રમે હલદી કંકુ , ભજન , આરતી સુશોભન ,ફુલદાની મોદક સ્પર્ધા યોજવામાં આવશે. શુક્રવારે આપણુ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સરકારી શાળાના શ્રમજીવી પરિવારના બાળકોનો ટેલેન્ટ શો યોજવામાં આવશે.

આ ઉપરાંત તા ૭ સપ્ટેમ્બરના રોજ માયાભાઈ આહીરનો ડાયરો યોજાશે. જયારે રવિવારે તા ૮ ઓગષ્ટના રોજ શ્રીજી ની પુજા અર્ચના બાદ બપોરે ૨ કલાકે શોભાયાત્રના અંતે સાબરમત્તી નદીના પટમાં શ્રીજીની મુર્તિનુ વિસર્જન કરવામાં આવશે. ગણેશોત્સવની ઉજવણીને સફળ બનાવવા સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ, પંઢરીનાથ જગતાપ, પરેશ પટેલ, હીરેન શાસ્ત્રી અને ડો ચેતના બુચ સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીને વધુ દિવ્ય અને ભવ્ય બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# એસ.ટી. ડેપોમાં પાકીટ ચોરતી ચાર મહિલાઓ રંગેહાથ ઝડપાઈ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર એસ ટી ડેપો સંકુલમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરો રોજબરોજ પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. સાતમ આઠમના તહેવારોમાં પણ મુસાફરો તસ્કરીનો ભોગ બન્યા હતા. જયારે આજે પણ ડેપો સંકુલમાં આંટા મારતી જાણભેદુ મહીલાઓ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરતી રંગેહાથ ઝડપાઈ હતી. આ દરમિયાન મહીલાઓના રોકડ ભરેલા પાકીટની ઉઠાંતરી કરતી આ મહીલાગેંગને ઝડપી પોલીસને જાણ કરવામાં આવી હતી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દે અનેકવાર સવાલો મંડરાયા છે. આમછતા સ્માર્ટ સીટીની સોહામણી વાતો કરતા સ્થાનિક પ્રશાસનના અધિકારીઓ અને નેતાઓ આમ નાગરિકોની સલામતના મામલે ઘોર નિરસતા સેવી રહ્યા હોવાનો રોષ સ્થાનિકોમાં ઉઠવા પામ્યો છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે અગાઉ જગ્યા ફાળવવા માટે પણ એસ ટી નિગમે તૈયારી દર્શાવી હોવાછતા જિલ્લા પોલીસ તંત્રએ રસ ન દાખવતા ડેપો સંકુલની સલામતી હાલ પણ રામભરોસે છે. ખિસ્સા કાતરુઓ સરેઆમ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે. ડેપો સંકુલમાં અગાઉ પણ ચેઈન સ્નેચીંગ , પીક પોકેટીંગ સહીતના ગુન્હાઓ પ્રકાશમાં આવ્યા છે. બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સા કપાતા મહીલાઓ અને સિનિયર સિટીઝન્સમાં ભયની લાગણી વ્યાપી છે. પાટનગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં જ તસ્કરોનુ રાજ છે. બીજીતરફ શહેરમાં કાયદો અને વ્વવસ્થાની સ્થિતિ મામલે પોલીસતંત્ર સબ સલામતનો દાવો કરે છે. પાટનગર હોવના નાતે અન્ય શહેરોમાંથી આવતા મુસાફરો પણ ડેપો સંકુલમાં અવારનવાર તસ્કરીનો ભોગ બને છે. અતિથિ દેવો ભવ : ની ભાવના કોરાણે મુકાઈ ગઈ છે. ડેપો સંકુલમાં મુસાફરીનો મુદ્દો લાંબા સમયથી અધ્ધરતાલ છે. પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ અનેકવાર જાગૃત નાગરિકો દ્વારા રજુઆત કરવામાં આવી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. આજે પણ ડેપો સંકુલમાં મુસાફરોના પાકીટ ચોરતી ચાર મહીલાઓને ડેપો કન્ટ્રોલર ધર્મેન્દ્ર પંડયાએ રંગેહાથ ઝડપી લીધી હતી. મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ સેરવતી આ જાણભેદુ મહીલાઓએ રોકડ રકમ ભરેલા પાકીટની ઉઠાંતરી કરી હતી. પાકીટ ચોરતી મહીલાઓ સામે કાર્યવાહી કરવા માટે પોલીસને જાણ કરવામાં આવી હતી.





ગાંધીનગરનો આશાસ્પદ યુવા ટેકનોક્રેટ સ્વપનીલ પંચોલીને ગાંધીનગર પી.ડી.પી.યુ.ના ગઈકાલે યોજાયેલ સાતમા પદવીદાન સમારોહમાં એમ.ટેક પેટ્રોલીયમની પદવી સંસ્થાના વડા અને જાણીતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના હસ્તે એનાયત થઈ ત્યારની ગૌરવ પળ.

# મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના દિલ્હી ખાતે બે દિવસીય ધરણા પ્રદર્શન યોજાશે

ગાંધીનગર,તા.૩૦

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ છેલ્લા અઢી દાયકાથી ન્યાય માટે લડત ચલાવી રહ્યા છે. કર્મચારીઓની ત્રણ માંગણીઓ સ્વીકારમાં આવતી નથી. ત્યારે કર્મચારી મહામંડળ દ્વારા દિલ્હી ખાતે તા.૨૩ અને ૨૪ સપ્ટેમ્બરના રોજ ધરણા પ્રતિક ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાંથી હજ્જારો કર્મચારીઓ દિલ્હી ખાતે હાજર રહેશે.

મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓ જેમ કે સંચાલક, રસોયા અને મદદનીશો સામાન્ય વેતનમાં છેલ્લા ત્રણ દાયકાથી વધુના સમયથી નોકરી કરી રહ્યા છે. ત્યારે સંચાલકને વેતન રૂ.૧૬૦૦, રસોયાને રૂ.૧૪૦૦ અને મદદનીશને રૂ. ૧૦૦૦ વેતન મળે છે. આટલી કારમી મોંઘવારીમાં ભરણ પોષણ મુશ્કેલ બની રહ્યું છે. ત્યારે પોતાની ત્રણ પડતર માંગણીઓને લઈ છેલ્લા કેટલાક સમયથી કર્મચારી મહામંડળ દ્વારા ધરણા અને પ્રતિક ઉપવાસ યોજવામાં આવ્યા છે.તેમ છતા ગુજરાત સરકાર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. કર્મચારીઓની માંગણીઓમાં પગાર-ધોરણ લઘુતમ વેતન આપી કાયમી કરવા , એનજીઓ દાખલ નહી કરવા બાબત અને જે જિલ્લાઓમાં એનજીઓ દાખલ કરેલ છે. તે રદ કરીને છુટા થયેલા કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્ર પર નિમણુંક આપવી, તેમજ યોજનામાં નવા મેનુ તેમજ અલાયદી નાસ્તો આપવાના જીઆરમાં સુધારા કરવો નો સમાવેશ થાય છે. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની પડતર માગંણીઓનો ઉકેલ નહી આવતા તેઓ આગામી તા. ૨૩ અને ૨૪ ના રોજ દિલ્હી જંતર મંતર ખાતે બે દિવસીય ધરણા પ્રદર્શન યોજીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરશે. આ ધરણા પ્રદર્શનમાં હજ્જારોની સંખ્યામાં ગુજરાતમાંથી નોકરી કરતા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ હાજર રહેશે. તેમ ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.



સે-૫ સિનીયર સિટીઝનો દ્વારા શ્રાવણ માસને અનુલક્ષીને રૂપાલ વરદાયીની માતા, વૈજનાથ મહાદેવ, વાસણીયા મહાદેવ, ગોગા વહારાજ વેડા, પીપલેશ્વર મહાદેવ સાલડી, મહુડી જેવા ધાર્મિક સ્થળોએ પ્રવાસ કરવામાં આવ્યો હતો.

## કેન્દ્રીય જીએસટીની સબકા વિકાસ યોજના ૧લીથી ખુલશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આવેલ કેન્દ્રિય જીએસટીના કરદાતાઓને સબકા વિકાસ યોજનાનો લાભ લેવા માટે ગાંધીનગર રેન્જ ઓફિસ તેમજ ડિવીઝન ઓફિસનો સંપર્ક કરવો. આસીસટન્ટ કમિશ્નર કચેરી કેન્દ્રીય જીએસટી ડિવીઝન ગાંધીનગર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે સબકા વિકાસ યોજનાનો લાભ અંગેની માહિતી મળી શકે તે માટે ડિવિઝન ઓફિસનો સંપર્ક કરવો. આ યોજના ૧-૯-૨૦૧૯થી ખુલે છે. આથી વહેલી તકે સંપર્ક કરવા અને આ યોજના ઓનલાઈન છે. તો કરદાતાઓએ તેમના ઈ-મેઈલ સરનામુ તેમજ મોબાઈલ નંબર જો બદલાયા હોય તો તે સુધારી તેમજ અપડેટ કરાવી લેવા જણાવાયુ છે. આ યોજના અંગે વધુ જાણકારી મેળવવા કેન્દ્ર સરકારની વેબસાઈટ www.cbic.gov.in જોવી.



પર્યાવરણ બચાવો હેતુ અંતર્ગત સર્વ વન યુવા વન અને સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના યુવાનોએ અમદાવાદ ખાતે રાજય અનામત પોલીસ દળ જુથ નં. ૨ ખાતે વૃક્ષારોપણની નવી પદ્ધતિ 'મીયાવાકી ફોરેસ્ટ'ની તાલીમ લીધી હતી. સેનાપતીશ્રી સુધા પાંડેની અધ્યક્ષતા હેઠળ આ સમગ્ર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા યુવાનોએ રસ દાખવી પર્યાવરણના સંરક્ષણ માટે સંકલ્પ લીધા હતા.

## સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે પંચકલ્યાણકની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં આજે સેક્ટર-૨૨ ખાતે જૈન દેરાસરમાં મહાપર્વ પર્યુષણના પાંચમા દિવસે પંચ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ચૌદ સુપનની ઉછામણી અને સંગીતમય સ્વપન દર્શન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા.

શહેરના સેક્ટર-૨૨ ખાતેના જૈન દેરાસરમાં પર્યુષણ પર્વ નિમિત્તે યોજાયેલા પંચકલ્યાણકની ઉજવણીના ભાગરૂપે ચૌદ સુપનની ઉછામણી બોલાઈ હતી જેમાં શહેરના જૈન સંઘના અગ્રણીઓ સહિત જૈન શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. આજના દિવસે પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.એ પણ 'વર્ધમાનનું વૈભવીકુળ' વિષયે પ્રવચન આપ્યું હતુ. ભગવાન મહાવીરના માતા ત્રિશલાને ભગવાનના જન્મ પહેલા સ્વપ્નામાં દેખાયેલા ૧૪ શુભ સંકેતો દ્વારા ભગવાનના અવતરણનો સંકેત પ્રાપ્ત થયો હતો. આજે જૈન સંઘ ખાતે આ સ્વપ્નું સંગીતમય સ્વપ્નદર્શન યોજાયુ હતુ. આ ઉપરાંત જૈન શ્રદ્ધાળુઓએ જૈન સંઘ દ્વારા આયોજિત સ્વામીવાત્સલ્યનો પણ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## ટીસીએસના કર્મચારીનું ખોવાયેલુ પર્સ એક મહિલાને મળતા પરત કર્યુ

**પર્સમાં ૪૭૦૦ રોકડા અને અગત્યના ડોક્યુમેન્ટ્સ હતા જે સાથે મહિલાના પતિએ પર્સ માલિકને ઘરે જઈને પરત આપ્યુ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં કુડાસણના ટ્યુશન ક્લાસના સંચાલક કૌશલ પટેલની પત્નિને રસ્તામાંથી મળેલ પર્સ જેમાં પર્સમાલિકના રૂ. ૪૭૦૦ સહિત અગત્યના દસ્તાવેજો હતા તેને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. આ પર્સ ટીસીએસમાં જોબ કરતા રાકેશ બ્રહ્મભટ્ટનું હતુ જેમણે પર્સ પરત મળતા આનંદ સાથે મહિલા તથા તેમના પતિનો આભાર માન્યો હતો.

ગઈકાલે રાયસણથી ટીસીએસ કંપનીમાં નોકરીએ જવા નીકળેલા રાકેશ બ્રહ્મભટ્ટનુ પર્સ રસ્તામાં શ્રીનાથ કોમ્પલેક્ષ આગળ પડી ગયુ હતુ જેની તેમને જાણ પછીથી થવા પામી હતી. જોકે આ રસ્તેથી પસાર થતી એક મહિલાને આ પર્સ મળ્યુ હતુ. જેમણે પર્સ ચેક કરતાં તેમાંથી રૂ. ૪૭૦૦ રોકડા તથા પર્સ માલિકના ડ્રાઈવીંગ લાયસન્સ સહિતના અગત્યના ડોક્યુમેન્ટસ મળી આવ્યાં હતા. આ ડોક્યુમેન્ટસ પરથી તેમણે પર્સ માલિકનો સંપર્ક સાધી પર્સ તેમનું છે કે નહી તેની ખરાઈ કરી હતી. ખરાઈના અંતે વિશ્વાસ આવી જતા મહિલાના પતિએ પર્સ માલિકના ઘરે જઈને તેમનું પર્સ તમામ રોકડ અને ડોક્યુમેન્ટ્સ સાથે પરત કર્યુ હતુ. પર્સ ખોવાવાથી ચિંતાતુર બનેલ પર્સ માલિકને પોતાનું પર્સ સહીસલામત પરત મળી આવતા આનંદ થયો હતો અને તેમણે મહિલાના અને તેમના પતિનો આભાર માન્યો હતો.

# ગુજરાત પાણી-પુરવઠા બોર્ડના કર્મચારી મંડળ દ્વારા પડતર પ્રશ્નોને લઈ મુખ્યમંત્રીને રજુઆત

ગુજરાત રાજય પાણી પુરવઠા બોર્ડના કર્મચારી મંડળ દ્વારા છેલ્લા ઘણા સમયથી પાંચ જેટલા પ્રશ્નો પડતર રહ્યા છે. કર્મચારીઓ દ્વારા અનેકવાર લેખિત રજુઆતો સરકારમાં કરવામાં આવી છે.તેમ છતા સરકારના બહેરા કાને કર્મચારીઓની રજુઆત સંભળાતી નથી. જેને પગલે કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ગુજરાત પાણી પુરવઠા કર્મચારી મહામંડળ દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવેલી રજુઆતમાં કર્મચારીઓને તા. ૧-૧-૧૬ થી ૩૧-૭-૧૯ એરીયર્સના લાભ આપવા, ગ્રેજ્યુઈટી રૂ.૨૦ લાખ આપવી, પ્રમોશન અને નવી ભરતી કરવી, સ્વૈચ્છીક નિવૃતિ લેતા કર્મચારીઓને ૩૦૦ રજાઓનો પગાર આપવો, તેમજ જુની પેન્શન પ્રથા શરુ રાખવી સહિતના મુદ્દાઓને લઈ કર્મચારી મંડળના પ્રશ્નોનો નિરાકરણ નહીં આવે તો આગામી તા.૧ સપ્ટેમ્બરથી વર્ક ટુ રૂલની કામગીરી કરવામાં આવશે. તા.૧૭ સપ્ટેમ્બરના રોજ માસ સીએલ પર કર્મચારીઓ ઉતરશે.

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**

**જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૯-૨૦**

પ્રિન્સીપાલ (ઈન્ચાર્જ) શ્રી એસ. બી. મહિલા આર્ટસ કોલેજ, હિંમતનગર, તા. હિંમતનગર, જિલ્લો : સાબરકાંઠા, પીન : ૩૮૩૦૦૧ દ્વારા નીચેના કામનું ટેન્ડર મંગાવેલ છે.

| અનુ. નં. | કામનું નામ ટૂંકમાં | અંદાજીતરકમ રૂપિયામાં | ઈજારદારનો વર્ગ તથા ક્લાસ |
|---|---|---|---|
| ૧ | એસ.બી મહિલા આર્ટસ કોલેજ માટે હિંમતનગર કેમ્પસ ખાતે ગ્રાઉન્ડ ફ્લોર માં ઓડિટોરીયમ અને કેન્ટીનનું નવું બાંધકામ અને બીજા માળ પર નવા વર્ગખંડો | ૧,૦૦,૦૦,૦૦૦/- | વર્ગ-ડી તથા ઉપરના |

ઉપરોક્ત કામ માટે ગુજરાત રાજયમના જાહેર બાંધકામ ખાતામાં માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઈ-ટેન્ડરીંગથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૩૧/૮/૨૦૧૯થી ૭/૯/૨૦૧૯ સુધી વેબસાઈટ http://www.nprocure.com પર ઉપલબ્ધ થશે.

પ્રિન્સીપાલ (ઈન્ચાર્જ)
શ્રી એસ.બી. મહિલા આર્ટસ કોલેજ
હિંમતનગર

નામાનિ/હિંમત/૨૧૨/૧૯

**જાહેર નિવિદા**

નગરપાલિકા ધાનેરા પાણી-પુરવઠા શાખાની પટેલ સોસાયટી બોર, કેપેસિટી-૨.૫ લાખ લીટર અને વિવેકાનંદ બોરની ઓવરહેડ ટાંકી કેપેસિટી-૨.૦ લાખ લીટર જર્જરિત હાલતમાં હોઈ, ટાંકી પાડવાની કામગીરી કરતા ઈજારદારોએ પોતાના ભાવ ટાંકી દીઠ કેટલી રકમ નગરપાલિકામાં જમા કરાવશે તેની વિગત સાથે ટાંકી પાડી તમામ કાટમાળ સાઈડ પરથી ખસેડી સાઈડ ક્લીયર કરવા સુધીની કામગીરી માટે બંધ કવરમાં તા. ૭/૯/૨૦૧૯ના રોજ કચેરી સમય સુધી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. કવર ઉપર 'ટાંકી પાડવાના ભાવ' તેવું લખવાનું રહેશે. ટાંકી પાડવાની કામગીરી કરેલ હોય તો તેની વિગતો પણ સાથે મોકલવી.

(એસ.એમ. અન્સારી) મુખ્ય અધિકારી નગરપાલિકા ધાનેરા
(વસંતીબેન વી. ગલચર) ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા
(યુસુફખાન એમ. બેલીમ) પ્રમુખ નગરપાલિકા ધાનેરા

**જાહેરનામુ**

**મહેસુલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ : ૭/૮/૨૦૧૯**
**જાહેરનામું**

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

ગામ : જોરણંગ, તા. જી. મહેસાણા
ક્રમાંકઃ જ.સં./રા.ધો./વ.કે.નં.૧/૧૮
નં. અમ-૨૦૧૯-૫૨૯-મ-જમહ-૨૦૧૮-૧૨૦૭-ઘ

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ(૧) (હવે પછી તેનો ઉલ્લેખ 'અધિનિયમ' તરીકે કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે, આ સાથે જોડેલ પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ જમીનની જાહેર હિતમાં હેતુ માટે એટલે કે 'એલ.સી. નં. ૨૧૪, વળતર કેસ નં. ૧/૨૦૧૮ ડી.એફ.સી.સી. યોજના હેઠળ આર.ઓ.બી. (રેલવે ઓવરબ્રીજ)ના બાંધકામ માટે જમીન સંપાદન કરવા' અર્થે જરૂર છે.

(૨) આથી જાહેર કરે છે કે,
(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂર જમીન કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૧૧-૪૨ ચો.મી. છે અને તે જરણંગ ગામ, મહેસાણા તાલુકા, મહેસાણા જિલ્લામાં આવેલ છે.
(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. 'એલ.સી. નં.૨૧૪, વળતર કેસ નં. ૧/૨૦૧૮ ડી.એફ.સી.સી. યોજના હેઠળ આર.ઓ.બી. (રેલવે ઓવરબ્રીજ)ના બાંધકામ માટે જમીન સંપાદન કરવા.'
(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. એલ.સી. નં.૨૧૪, વળતર કેસ નં. ૧/૨૦૧૮ ડી.એફ.સી.સી. યોજના હેઠળ આર.ઓ.બી. (રેલવે ઓવરબ્રીજ)ના બામધકામ માટે જમીન સંપાદન કરવા'ના આંતર માળખાકીય પ્રોજેક્ટના બાંધકામના જાહેર હેતુ માટે અનુસૂચિત વિસ્તારની જમીનના સંપાદનને કારણે.
(૪) ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગ, ગાંધીનગર ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક : અમ / ૨૦૧૮/૫૦૩ / ૪ / વભદ / ૨૦૧૮ /૨૦૧૮:ગ, તા. ૫/૬/૨૦૧૮થી મુક્તિ આપવામાં આવેલ છે. આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજીક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.
(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે.

**પ્રાન્ત અધિકારી, મહેસાણા**

(૩) આ જમીનમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે, કોઈપણ સર્વેયર અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહી. આ જાહેરનામું બહાર પડ્યા બાદ કલેક્ટરની પરવાનગી વગર આ જમીનને કે તેના કોઈ ભાગની કોઈપણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો, અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદન વખતે વળતરનું મુલ્યાંકન કરતી વખતે આવા ફેરાપર પર વિચારણા કરવામાં નહીં આવે.
(૪) ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંતર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે તો આવી હકીકત અધિનિયમની જોગવાઈ મુજબ યોગ્ય રીતે જાહેર કરાશે.
(૫) અધિનિયમની કલમ-૩ના ખંડ (જી) હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રાન્ત અધિકારી, મહેસાણાને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટરની ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.
(૬) આ જાહેરનામાં પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર, આ અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેક્ટર અથવા અધિકૃત અધિકારીને રજૂઆત કરી શકશે.

**પરિશિષ્ટ**

જિલ્લો : મહેસાણા તાલુકો : મહેસાણા ગામ : જોરણંગ

| અ.નં. | સર્વે નંબર/બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૯૬૭ | ૧૧૪૨ |
| | કુલ | ૧૧૪૨ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ. જે. રાઠોડ
ઉપસચિવ (જ.સં.)
મહેસુલ વિભાગ, ગાંધીનગર

ક્રમાંક : નામાનિ/મહે/૨૨૪/૧૯-૨૦